Gujarat Chamber of Commerce & Industry

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

Natubhai Patel
President

Hemant N. Shah
Sr. Vice President

K. I. Patel
Vice President

Pathik S. Patwari
Hon. Secretary

V. P. Vaishnav
Hon. Secretary (R)

Sachin K. Patel
Hon. Treasurer

૧૨ નવેમ્બર, ૨૦૨૦ /16593

**શ્રી વિજયભાઇ રૂપાણી**
*માનનીય મુખ્યમંત્રીશ્રી*
ગુજરાત રાજ્ય, સ્વર્ણિમ સંકુલ-૧
નવા સચિવાલય
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

**માનનીય મુખ્યમંત્રીશ્રી,**

**વિષયઃ કચ્છ વિસ્તારને ફર્નિચર માટેના હબ તરીકે વિકસાવવા અંગેના સૂચનો બાબત.**

આપની કુશળતા ઇચ્છુ છું.

સૌ પ્રથમ આપશ્રીએ રાજ્યના વિકાસ માટે જે સકારાત્મક નિર્ણયો લીધા છે તે માટે આપશ્રીનો આભાર માનીએ છીએ.

આપશ્રી વિદિત છો તેમ હાલમાં ધોલેરા અને ગીફ્ટ સીટીમાં રાજ્ય સરકાર તરફથી મળતી સહાય તેમજ માર્કેટિંગ સપોર્ટના ફળસ્વરૂપે આ ક્ષેત્રોમાં ઝડપી વિકાસ જોવા મળી રહ્યો છે અને અન્ય રાજ્યો તેમજ વિશ્વના અન્ય દેશોમાંથી પણ સારા એકમો આ વિસ્તારોમાં તેમનું યુનિટસ સ્થાપવા પ્રેરાય છે.

આ જ રીતે આપણાં રાજ્યનો કચ્છ વિસ્તાર ફર્નિચર માટેનું દેશનું મુખ્ય કેન્દ્ર બની શકવાની પુરેપુરી શક્યતાઓ ધરાવે છે. આપશ્રી વિદિત હશો તેમ કચ્છ વિસ્તારનો કંડલા પોર્ટ ફર્નિચરમાં વપરાતા કાચા માલ માટેનો એશિયાનો સૌથી મોટો આયાત કરતો પોર્ટ છે. વધુમાં કચ્છમાં લગભગ ૧૫૦ થી ૨૦૦ પ્લાયવુડની ફેક્ટરીઓ કાર્યરત છે જેને કારણે ફર્નિચર માટે વપરાતા કાચા માલ જેમાં હાર્ડ વુડ અને પ્લાય વુડનો સમાવેશ થાય છે તે બંને પ્રકારનો કાચો માલ પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. વધુમાં હાલમાં અન્ય દેશોમાં Labour Cost ખૂબ ઉંચો હોવાથી ભારત માટે આ એક સોનેરી તક છે જેનો આપણે લાભ લઇ શકીએ.

આ કચ્છ વિસ્તારને ફર્નિચરના કેન્દ્ર તરીકે સ્થાપવા માટે રાજ્ય સરકારની સહાયની જરૂરિયાત છે. જેમ ધોલેરા અને ગીફ્ટ સીટી માટે રાજ્ય સરકાર તરફથી માર્કેટીંગ કરવામાં આવે છે તેમ કચ્છ વિસ્તાર માટે પણ માર્કેટીંગ અને બ્રાન્ડીગ કરવાની જરૂર છે જેથી IKEA જેવી મોટી બ્રાન્ડ રાજ્યમાં તેમનું યુનિટ સ્થાપવા પ્રેરાય. આમ થવાથી સ્થાનિક ફર્નિચરના યુનિટોને ખુબ મોટો લાભ થશે અને કાચો માલ પુરતા પ્રમાણમાં ત્યાં હોવાથી ઓછા ઉત્પાદન ખર્ચમાં ફર્નિચરનું ઉત્પાદન અને વેચાણ થઇ શકશે.

Shri Ambica Mills - Gujarat Chamber Building,
Ashram Road, Ahmedabad- 380009. INDIA.
+91 - 79 - 2658 2301-2-3-4
gcci@gujaratchamber.org
www.gujaratchamber.org

**Natubhai Patel**
President

**Hemant N. Shah**
Sr. Vice President

**K. I. Patel**
Vice President

**Pathik S. Patwari**
Hon. Secretary

**V. P. Vaishnav**
Hon. Secretary (R)

**Sachin K. Patel**
Hon. Treasurer



વધુમાં મોટા ફર્નિચરના બ્રાન્ડને ગુજરાતમાં લાવવા માટે કચ્છ વિસ્તારમાં ફર્નિચર માટેનું ક્લસ્ટર બનાવી ફર્નિચરપાર્ક પણ સ્થાપી શકાય જેથી સ્થાનિક એકમોને ખુબ વેગ મળશે અને રોજગારીની પણ મોટી તક ઉભી થશે.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં લેતા કચ્છ વિસ્તારમાં ફર્નિચર ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર દ્વારા જરૂરી સહાય આપવામાં આવે તેવી વિનંતી સહ,

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

**નટુભાઈ પટેલ**
**પ્રમુખ**

**<u>નકલ રવાના :</u>**

**શ્રી એમ. કે. દાસ, (IAS)**
અધિક મુખ્ય સચિવશ્રી
ઉદ્યોગ અને ખાણ વિભાગ
ગુજરાત રાજ્ય
ગાંધીનગર.